કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ
૫૦
સુવર્ણ જયંતિ વર્ષ

તંત્રી :
વિરેન શાં. ઘોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂ. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ

ખોટ છે...

કાગળ છે, કલમ પણ છે,
શબ્દો અને સમય પણ છે,
પત્ર લખું તો ક્યાં લખું,
બસ સરનામાની ખોટ છે...
આંખ છે, અસ્તિત્વ છે,
નઝર પણ સતેજ છે,
દ્રષ્ટિ માંડુ ક્યાં જગતમાં,
એક બસ એક ખોટ છે...
હાથ છે, હૈયુ પણ છે,
મસ્તિક પણ સલામત છે,
એક હુંફની આસક્તિ છે,
પણ ક્યાં મળે તે ખોટ છે...
દોષ જોતો હું નથી કોઈના-
" મનહર " છતાં આ વિશ્વમાં,
લાગણીને ઠેસ પહોંચે તો,
કંઈક મારામાંજ ખોટ છે.

– મનહર વૈષ્ણવ, રાજકોટ.

વર્ષ : ૫૦ અંક : ૯
એપ્રિલ – ૨૦૧૪
બરછી કાર્યાલય, C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગ આપો..

નવા તથા જૂના ઘરને...

- ✪ કલરકામ
- ✪ રીનોવેશન
- ✪ વોટરપ્રુફીંગ
- ✪ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા માંગતા હો તો એકવાર અમારો સંપર્ક અવશ્ય કરશો..

✪ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

જયેશ વસાવડા - અમેરીકન કલર

મો. ૯૮૯૮૧૭૦૮૧૩ / ૯૦૬૭૪૯૩૧૧૭

પરણે દિકરી વ્હાલી...

શરણાઈથી વિદાઈ સુધી...

Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

Concept Wedding Planner | DJ & Music | Food & Catering | Theme Decoration | Mehndi | Doli & Baggi | Dance Group Artist | LED Video Screen | Photo & Video Shooting

Concept Wedding Planner

Pallav Devendrabhai Mankad

Cell: 9624889707

UNLIMITED SOURCE

Making Dream Wedding Comes True

Unlimited Source

www.unlimitedsource.in

Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India

Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

::::::::::::: મંગલ મેરેજ બ્યુરો :::::::::::::

પ્રવર્તમાન સંજોગોમાં યુવક/યુવતીઓમાં મુંઝવતા પ્રશ્નો જેવા કે ડીગ્રી, ઉંચાઈ, શહેરની પસંગી, ઉંમરના તફાવત તથા વિશેષ મહત્વનું નાગર સમાજની વાડાબંધી વિ.ના દૂરાગ્રહને કારણે આવેલ સારી તકને સમજી શકતા નથી અને સમય સરી જાય છે.

ઉપરોકત પ્રશ્નો સમાજમાં લાલબત્તી સમાન છે અને પસંદગીના મામલામાં 'આગ્રહ' રાખવો બરાબર છે, પરંતુ દૂરાગ્રહ તો ઠીક નથી જ. સારૂં અને સંસ્કારી કુટુંબના માપદંડને ધ્યાનમાં લેવામાં આવે અને થોડું બાંધછોડનું વલણ અપનાવશો તો શુભ પ્રસંગ જલ્દી આવશે. આમાં વડીલોનું માર્ગદર્શન યુવાસમાજને એટલું જ અગત્યનું છે. નીચે જણાવેલ અમારી યાદી જોશો તો જણાશે કે મેરેજબ્યુરોનું માર્ગદર્શન અને સેવાઓ એટલી જ અગત્યની છે.

MBA - ૨૦, MBBS - ૫, માસ્ટરડીગ્રી - ૧૫, એન્જીનીયર - ૨૫,બીફાર્મ-૫, ફિઝીયોથેરાપી-૫ સી.એ.-૫, સી.એસ.-૫, એમ.સી.એ. - ૧૦, આયુર્વેદીક ડોકટર - ૫.

સુંદર સંસ્કારી યુવક અને યુવતીઓની આ થોડીક જ યાદી છે...

વધારે માર્ગદર્શન માહિતી માટે આજે જ સંપર્ક કરો. મમતાબેન ઢેબર-મો. ૯૯૨૫૭૯૯૯૯૯

Mail ID- mamtadhebar@yahoo.in

(શકય હોય ત્યાં સુધી સંતાનોના બાયોડેટા ઇ મેઇલ ઉપર મોકલવા વિનંતી.)

વિશ્વેશ વૈશ્નવ ડી.જી.એમ. પદે નિયુક્ત થયા

રાજકોટના સ્વ. મુ. ઘનશ્યામભાઈ વૈશ્નવ...જ્ઞાતિમાં આદરપાત્ર નામ. તેઓ પોતે બેંકમાં સુદીર્ઘ સેવા આપી હતી અને ચાર પુત્રો માંથી ત્રણ બેંકમાં. જેમાંના એક વિશ્વેશ. જેઓ ૧૯૮૬માં સામાન્ય કારકુન તરીકે માત્ર રૂા. ૫૦૦ના ફીકસ પગારથી રાજકોટની ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટમાં જોડાયા હતા. આ વિશ્વેશ વૈશ્નવ વારસામાં મળેલ નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે બેંકના વિકાસ માટે ઉત્સાહ સાથે રાત દિવસ સતત કાર્યરત રહયા. પ્રોગ્રામીંગ, આઇટી, કોર બેંકીંગમાં નિપૂણ જેથી દેશ વિદેશની બેંકીંગ સેવાઓનો અભ્યાસ કરી સમયાનુરૂપ પરિવર્તનનો લાભ બેંકને આપતા ગયા. આજે 'રાજ બેંક' તરીકે પ્રસિધ્ધ આ બેંક વિસ્તરતી ગઈ અને વટવૃક્ષ બનીને ફૂલીફાલી, બેંકના વિકાસમાં અનન્ય પ્રદાન અને પોતાની કાબેલીયતના ફલસ્વરૂપે તેઓ પણ ઉત્તરોત્તર બઢતી મેળવતા ગયા...અને તા. ૨/૪/૧૪ના રોજ બેંકમાં વી. જી.ના નામે જાણીતા વિશ્વેશ વૈશ્નવને ડેપ્યુટી જનરલ મેનેજરના ઉચ્ચ પદે બઢતી આપવામાં આવી.

(આ તકે અહોભાવ સાથે નોંધ લેવી ઘટે જ કે ભાઈ વિશ્વેશ વૈશ્નવે બરછી પ્રત્યે સદ્‌ભાવ થકી અંગત પ્રેમાળ સંબંધોને કારણે કલમકડછીબરછીના 'મેઈલીંગ' માટે વિશિષ્ટ પ્રોગ્રામ તૈયાર કરી આપી પોતાના કોમ્પ્યુટર કૌશલ્યનો લાભ અમને ૨૦૦૦ની સાલમાં આપ્યો હતો અને અતિ વ્યસ્તતા વચ્ચે સમય ફાળવી તેમાં 'મોડીફીકેશન' કરતા રહયા જે અમારાં લીસ્ટીંગના કામનું ભારણ ઘટાડવામાં ખરેખર ઉપયોગી અને ઉપકારક નીવડેલ છે.)

કુટુંબ અને જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર આવા બાહોશ કર્મનિષ્ઠ ભાઈ વિશ્વેશ વૈશ્નવને અભિનંદન સહ અવિરત પ્રગતિના સોપાન સર કરતા રહે તેવી અંતરની શુભકામના પાઠવીએ.

ચિન્મય વૈશ્નવ

જામનગર સ્થિત શ્રીમતી સ્મિતા અને નીતિન વૈશ્નવના પુત્ર ચિન્મય (દેવ્યાનીબેન અને પી. એન. વૈશ્નવના પૌત્ર અને સ્વ. અન્નપૂર્ણાબેન તથા સ્વ. ચંપકલાલ વછરાજાની દોહિત્ર) જાન્યુઆરી- ૧૪માંરાજકોટની મારવાડી કોલેજ ખાતે યોજાયેલ સ્ટેટ લેવલની કોમ્પીટીશન 'મારવાડી મેગ્નશ 'જનરલ નોલેજ કવીઝમાં વિજેતા બની ટ્રોફી, સર્ટીફીકેટ તથા રોકડ પુરસ્કાર મેળવ્યાં. આ ઉપરાંત રાજકોટની ક્રાઇસ્ટ કોલેજ ખાતે નેશનલ લેવલની 'વિવિધા-૨૦૧૪' માં રનર્સ અપ થઈ બીજો નંબર અને સર્ટીફીકેટ મેળવ્યાં હતાં. માર્ચ ૧૪માં જામનગરની હરીયા કોલેજમાં બીબીએમાં સર્વોચ્ચ ગુણાંક સાથે પ્રથમ ક્રમ મેળવતાં કોલેજના વાર્ષિકોત્સવમાં ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. સતત બીજે વર્ષે આ ઉચ્ચ સફળતા જાળવી રાખી ચિન્મયે કોલેજ સાથે કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

પ્રાર્થિત મુનશી

રાજકોટના પ્રાર્થિત મુનશીએ બી.ઇ.(ઇસી) તથા એમબીએ.(માર્કે.)નો ઉચ્ચ અભ્યાસ ગુણાંક સાથે પૂર્ણ કરી તુરત જ ભારતની જાણીતી વેબકંપનીમાં રાજકોટ બ્રાન્ચમાં સિનિયર એકઝીકયુટીવ તરીકે જોડાયા. માત્ર દોઢ વર્ષમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે કારકિર્દીનું સોપાન સર કર્યું. એટલુંજ નહીં પ્રથમ વર્ષમાંજ સમગ્ર ભારતની દરેક બ્રાન્ચ માંથી પ્રથમ ૧૫માં સ્થાન પામી કંપની તરફથી દુબઈના પ્રવાસે જઈ આવ્યા. નાની વયે મોટી સફળતા મેળવનાર પ્રાર્થિત જ્ઞાતિવિદ્ સ્વ. શ્રી રજનીકાન્તભાઈ વછરાજાનીના દોહિત્ર થાય.

હાટકેશ પાટોત્સવ અહેવાલ

(વર્ષોથી પાટણ ખાતે ઈષ્ટદેવ હાટકેશ દાદાનો પાટોત્સવ પરંપરાગત અને શાનદાર રીતે ઉજવાય છે. આ વર્ષે પાટણના પાટોત્સવમાં રાજકોટનાં શ્રીમતી રાજલબેન વૈશ્નવ(રાજકોટના સુરેશભાઈ છાયાનાં પુત્રી)ને લાભ લેવાની તક સાંપડતાં બરછીને વિસ્તૃત,માહિતીસભર અને સુંદરશૈલીમાં અહેવાલ લખી મોકલેલ છે. જ્ઞાતિભાવનાને સલામ અને આયોજકોને ધન્યવાદ સાથે વધુ જગ્યા ફાળવી અત્રે પૂરો અહેવાલ પ્રકાશિત કરી રહયા છીએ.. વાંચો, આ અને ગામેગામ ઉજવાયેલ પાટોત્સવ અહેવાલ)

પાટણ : 'પાટણની પ્રભુતા' અને'પાટણનાં પટોળાં'ની સાથે લાઈફ ટાઈમ યાદગાર શબ્દ ઉમેરી શકાય તેમ છે અને તે છે પાટણનો હાટકેશ્વર પાટોત્સવ.પાટણમાં કોઈપણ એક કે બે વ્યકિતના સૌજન્યથી બે-ત્રણ દિવસના પાટોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.આજની તારીખે ૨૦૩૫ સુધીનું 'બુકીંગ' થઈ ગયેલ છે.આ વર્ષે મારાં બેન બનેવી જલ્પા રાજેશભાઈ દેસાઈ હતા તેથી અમને ત્યાં હાજરી આપવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

દેશવિદેશમાં જ્યાં જ્યાં પાટણના નાગરો રહે છે તે પોતાના પૂર્વજોના નાગરવાડામાં આવેલાં ઘર ખોલીને ખાસ આ પ્રસંગ માટે ત્યાં રહેવા આવી જાય છે.આજની વ્યસ્તતામાં સમય ફાળવે તે સાનંદ આશ્ચર્યજનક તો લાગે જ! આગલા બે દિવસથી આયોજકો તરફથી રસોડું ચાલુ થઈ જાય.તેથી બહારગામથી આવનારને રસોઈની કડાકૂટ નહી. વળી મંદિર નાગરવાડાની વચ્ચેજ તેથી આંટાફેરા કે સમયની ઓછપ ન વર્તાય. આગલે દિવસે શીખંડ અને નાત-જમણમાં તો મોતીચૂરના લાડુજ ! આગલા દિવસે બધા સાથે મળી લાડુ વાળવા પહોંચી જાય. સાંજથી જ નાના બાળકોનો સાંસ્કતિક કાર્યક્રમ, પછી ભોજન, ગરબા અને સુગમ સંગીતનો જલસો ! દાદાના આ દરબારમાં કલા રજૂ કરવા તદ્દન નિઃશુલ્ક આનલ વસાવડા, સંજય ઓઝા, શ્યામલ સૌમીલ જેવા કલાકારો સૂરીલાં ગીતોની રંગત જમાવે છે.. પ્રવકતા તરીકે તેજસ મજમુદાર..બેસ્ટ ! રાતના બે વાગ્યા સુધી પૂર્ણ હાજરી...ભાઈઓ બહેનો મન મૂકીને નાચે,ગાય અને આ રીતે પૂર્વ સંધ્યાએ જ માહોલ જામી જાય છે.

બીજે દિવસે સવારે લઘુરૂદ્ર. બહેનો બધા પ્રસંગોમાં ખૂબ જ શણગારીને ભાગ લે છે. માથામાં ગજરો અહીંની ખાસિયત છે. દરેક પ્રસંગે ૧૦૦% હાજરી. લઘુરૂદ્ર પછી ભોજન સમારંભ. ત્યારબાદ છૂટા પડી સીધા સાંજે ૭ વાગે ભેગા થવાનું.'ટકોરખાનુ'નામનું વાજિંત્ર સવારે જમણવાર સમયે ખાસ વગાડાય તો સાંજે વરઘોડામાં 'જવાહર બેન્ડ' જે ફકત આપણા માટે જ કલાસીકલ ગીતો વગાડે.

દાદાની પાલખી પીતાંબર પહેરેલા ભાઈઓ અને કિશોરો ઉઘાડે પગે ઉપાડે, દરેક નાગર ગૃહસ્થો ના ઘર આગળથી પસાર થાય તે ઓટલા ઉપરથી દાદાની પૂજા અને આરતી ઉતારે. ખાસ તો પોતાને આંગણે હાટકેશની પધરામણી કરાવવા જ જાણે બે દિવસ માટે ઘર ખોલે છે. બે ત્રણ શણગારેલા ઘોડા

ઉપર નાના તૈયાર થયેલાં બાળકો, બેન્ડવાજાંને સથવારે નાચતા ઘોડાઓ, પેટ્રોમેકસ જેવી ૧૦-૧૨ બલ્બવાળી લાઈટ સાથે સાથે ચાલતી ૧૫-૨૦ બહેનો, ઠેર ઠેર ઠંડા પાણીના પાઉચ અને સરબત થી થતું સ્વાગત વગરે... ખરેખર અદ્‌ભૂત દ્રશ્ય !

રાત્રે ૧૧:૩૦ વાગે શોભાયાત્રા હાટકેશ્વર મંદિરમાં પરત ફરે...મંદિરતો જાણે ફૂલોથી અને રોશનીથી ઝાકમઝોળ. પાલખીની મંદિરમાં પધરામણી થાય. ત્યારબાદ નાતનું જમણ હર હર મહાદેવ સાથે શરૂ થાય તે વખતે શરણાઈ અને નોબત જેને 'ચોઘડીયાં' કહે છે તે વગાડાય છે.

હજુ આજ સુધી પંગત પાથરીને (નીચે બેસીને) પીરસીને જમાડાય છે. પંગતમાં બેસી જાય પછી અત્તર અને કંકુના ચાંદલાથી સ્વાગત, ગુલાબજળથી છંટકાવ... મતલબમાં રીતસર નાતની પૂજા થાય... પીરસનાર ભાઈઓ-બહેનો ખૂબ ઉમંગ અને ઉમળકાથી પીરસીને જમાડે...પહેલી પંગતમાં બેસનારે પીતાંબર પહેરવું ફરજીયાત...અને છેલ્લે પાનનાં બીડાં તો ખરાં જ. એક તરફ શરણાઇના સૂર વાગતા હોય, ચૌદશનો ચંદ્ર આકાશમાં જાણે સ્થિત થઈ તે પણ આ નાત -જમણને પ્રેમ અને ભાવથી નીરખવા રોકાય ગયો ન હોય ! ખરેખર જિંદગીમાં એકવાર પાટણના પાટોત્સવનો લ્હાવો લેવા જેવો તો ખરો જ.

હાટકેશની આવીને આવી જ પરંપરા આપણી વચ્ચે જળવાઇ રહે તેનાથી વધુ તો શું માંગીએ ?

<u>રાજકોટ :</u> પ્રતિ વર્ષ મુજબ રાજકોટ ખાતે તા. ૧૪/૪ના રોજ સાંજે પંચનાથ મંદિરેથી વિવિધ જયઘોષ, બેન્ડવાજાં સાથે દાદાની શોભાયાત્રા નીકળી હતી. રસ્તામાં ઠેર ઠેર દાદાનુંપૂજન અર્ચન, ફૂલહાર કરવામાંઆવ્યા હતા. રજાનો લાભ લઈ બહોળી સંખ્યામાંજ્ઞાતિજનો સામેલ થયાંહતાં. આરતી બાદ સૌ મળી હળીને છૂટા પડયા હતા.

સાંજે શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ આયોજિત સમૂહ ભોજનમાં આ વર્ષે સ્વ. અજીતલાલ ભુજંગીલાલ પારઘીના જન્મ શતાબ્દિ વર્ષ અને સ્વ. વેદવતીબેનના જન્મદિન તેમજ પૂણ્યતિથિ નિમિત્તે મુંબઈ સ્થિત શ્રીમતી બીનાબેન તેજસભાઈ કાશ્યપ (પોટા) પરિવાર તરફથી માતબર રકમનું અનુદાન આપવામાં આવ્યું હતું. (ધન્યવાદ આપવા ઘટે)આ બદલ પરિવારજનોનું સન્માન કરવામાં આવેલ. સ્વૈચ્છિક અનુદાન સાથે ૧૧૦૦ જેટલા જ્ઞાતિજનોએ હોંશભેર સામેલ થઈ શીખંડ પુરી કટલેસ સમેતનું સ્વાદિષ્ટ ભોજન આરોગ્યું હતું. ફોટામાં - શોભાયાત્રામાં બંધુઓ-બીજા ફોટામાં તેજસભાઈ કાશ્યપ પરિવાર સાથે સેવાભાવી કાર્યકર કૌશિકભાઇ પોટા (બીનાબેનના તેઓ કાકા થાય)

અમદાવાદ : વેજલપુર-જીવરાજ પાર્ક નાગર મંડળના ઉપક્રમે તા. ૧૪/૪/૧૪ના રોજ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. પાર્થેશ્વર મહાદેવ ખાતે ભાવિન કમલેશભાઈ તથા શ્રીમતી બિરવાના યજમાન પદે લઘુરૂદ્રના આયોજન બાદ ગુજરાત રાજયના લોકાધ્યક્ષ શ્રી દિનેશભાઈ પી. બુચના અધ્યક્ષ સ્થાને મંડળની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. ત્યારબાદ ૭૦ વર્ષની ઉંમરના વરિષ્ઠ નાગરોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વશ્રી નિરંજનભાઈ ઝાલા (બરછી પ્રતિનિધી), જ્યોત્સનાબેન અંતાણી, પ્રિયવંદાબેન છાયા તથા જીતુભાઈ ધોળકિયાનો સમાવેશ થતો હતો. સાંજના મંદિરની આરતી બાદ સૌએ સાથે મળીને હર હર મહાદેવના ઘોષ સાથે રસપુરી, પાતરાના સમૂહ ભોજનને ન્યાય આપ્યો હતો.

ભુજ : હાટકેશ મહાદેવની જન્મજયંતી ભકિતભાવપૂર્વક રીતે ઉજવવામાં આવી. પૂર્વ સંધ્યાએ હાટકેશ કોમ્પલેક્ષ ખાતે શશીકાંતભાઈ જે. વોરાના અધ્યક્ષસ્થાને સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ. દિપ પ્રાગટય બાદ કાર્યક્રમના પ્રારંભમાં જ્ઞાતિ પ્રમુખશ્રી અતુલભાઈ મહેતાએ શ્રી શશીકાંતભાઈનું શાલ ઓઢાડી સન્માનિત કર્યા બાદ ઋત્વિજ વોરા દ્વારા તૈયાર કરાયેલ જ્ઞાતિની વેબસાઇટ www.vngvmandalbhuj.orgને જ્ઞાતિજનો સમક્ષ ખુલ્લી મુકવામાંઆવી હતી. ત્યારબાદ સંગીત સંધ્યામાં સર્વશ્રી અનિલભાઈ વોરા, કિર્તીભાઈ હાથી, ભારતેન્દુ માંકડ,અભિજીત ભટ્ટ, હસિત અંજારીયા, ભુવન અંજારીયા, ધર્મેન્દ્ર જોષી, પ્રગતિ વોરા, કિર્તી અંજારીયા, વાચા માંકડ, તૃષાબેન વૈદ્ય, સિદ્ધિબેન વોરા વગેરે કલાકારોએ સૂરીલાં ગીતો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પંકજ ઝાલા, ભવ્યા ઝાલાએ કર્યું હતું.

તા. ૧૪/૪ના રોજ શ્રી વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ દ્વારા સવારે શ્રી જીતુભાઈ વોરાના આચાર્ય પદે અને ટ્રસ્ટી શ્રી રક્ષક અરવિંદભાઈ અંતાણી દંપતીના યજમાન પદે લઘુરૂદ્ર કરવામાં આવ્યા બાદ છ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા.બીડું હોમાયા બાદ બટુકોને ભીક્ષા તેમજ જ્ઞાતિ સંસ્થાઓ તથા જ્ઞાતિજનો તરફથી ભેટ સોગાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વર્ષે શ્રી અરૂણભાઈ બક્ષી પરિવાર તરફથી ભેટ આપવામાં આવેલ પાલખીમાં પરંપરાગત નીકળેલ હાટકેશદાદાની શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. વિવિધ વિસ્તારોમાંથી પસાર થતી પાલખીનું સ્વાગત, ફૂલહાર કરવામાં આવ્યા હતાં. રવાડીમાં જોડાયેલ જ્ઞાતિજનોને પંકજભાઈ વૈશ્નવ તરફથી કુલ્ફી તો હાટકેશ યુથ કલબ તરફથી છાશ, બકુલભાઈ રાણા તરફથી આઈસ્ક્રીમ અને છેલ્લે વ.ના.જ્ઞાતિ વ્ય. મંડળ તરફથી દાબેલીનો શ્રધ્ધા અને સદ્‌ભાવ સાથે લાભ આપી સૌની સરાહના મેળવી હતી. આમ રંગેચંગે શોભાયાત્રા હાટકેશ્વર મંદિરમાં પહોંચ્યા બાદ નોબત અને તબલાના નાદ સાથે મહાઆરતીનો લાભ લઈ સૌ થોડા સમય માટે છૂટા પડયા હતા અને સાંજે યોજાયેલ નાતજમણમાં ફરી મેળાવડો જામ્યો હતો...સૌએ સાથે મળી મોહનથાળ, લાડુ ગાંઠીયા સમેતની વાનગીનો આસ્વાદ માણ્યો હતો. દર વર્ષ મુજબ જ્ઞાતિની બધી જ સંસ્થાઓના સહયોગથી આયોજન સફળતાને વર્યું હતું.

બેંગલોર : નાગર મંડળના ઉપક્રમે હાટકેશ પાટોત્સવ તા. ૩૦/૩ને રવિવારના રોજ ટાટા શેરવુડ સોસાયટીના કલબ હાઉસ ખાતે યોજાય ગયો. જેમાં૧૦૦થી વધુ જ્ઞાતિજનોએ હાટકેશ્વરમ અને દાદાની સ્તુતિના પઠન કરી ઔપચારિક પરિચય કર્યો હતો. બાદ સૌએ સાથે મળી શીખંડ પુરી સમેતના ભોજન નો રસાસ્વાદ લીધો હતો. અત્રે વસતાં ૭૦ જેટલાંકુટુંબો દરેક તહેવારો ઉત્સાહભેર ઉજવે છે. જેમાં જોડાવા ઈચ્છતા જ્ઞાતિજનો દુર્ગેશ ઝાલા મો. ૯૬૨૦૦૭૩૩૩૬ જીજ્ઞેશ વસાવડા મો. ૯૮૮૬૬૭૬૦૩૦ નો સંપર્ક કરી શકે છે.

ખંભાળીયા : ચૈત્ર સુદ-૧૪ તા. ૧૪/૪/૧૪ની સવારે ખંભાળીયાનું હાટકેશ્વર મંદિર યુવાનો દ્વારા સ્વચ્છ બની ગયું છે. લઘુરૂદ્રની તૈયારી થઈ રહી છે...આ વખતના યજમાન સ્વ. પરિમલભાઈ બક્ષી પરિવાર હતા, જેઓ તરફથી આઇસ્ક્રીમથી સ્વાગત કરવામાં આવ્યા બાદ સૌએ લઘુરૂદ્રનો લાભ લીધો. સાંજના તાલબધ્ધ આરતી સાથે થાળ ધરાવ્યા બાદ ૮૦ જ્ઞાતિબંધુઓએ ટેબલખુરશી ઉપર મોહનથાળ, જાંબુ સમેતના પ્રસાદ ભોજનને ન્યાય આપ્યો હતો. યુવાન કાર્યકરોએ પીરસવાનો લાભ લીધો હતો. સાત વર્ષના ઝંકૃત અમીત માંકડથી મોટા સુધી સ્વૈચ્છિક અબોટીયા ધારણ કરેલ. આવતા વર્ષના પાટોત્સવના યજમાન સ્વ. ગીરધરલાક મ. ઢેબર તથા સ્વ. લાલશંકર મ. ઢેબર પરિવાર રહેશે તેવી જાહેરાતને સૌએ વધાવેલ. આમ ઉલ્લાસભેર માહોલમાં દર વર્ષ મુજબ રોહિણીબેન ઓઝા તરફથી પાનના બીડાં લઈ સૌ છૂટા પડયા હતા.

જામનગર : વ.ના. જ્ઞા.મંડળના પ્રમુખશ્રી અશોકભાઈ બુચની રાહબરીમાં નવી કારોબારીના પ્રથમ પાટોત્સવ પર્વનું ઉત્સાહ અને દબદબાભેર અનેરૂં આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી હરીષભાઈ માંકડના યજમાનપદે સવારે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

નાગરપરા ખાતેની જ્ઞાતિની જગ્યાએથી દાદાની શોભાયાત્રા નીકળી હતી. આ વખતે વિશેષતામાં દાદાની પાલખી સાથે શણગારેલાં બે ગાડાં, ઊંટગાડી અને શંકરનું સ્વરૂપ ધારણ કરી હાથમાં ત્રિશૂલધારી બે ઘોડેશ્વારો હતા..જેની સાથે અનેરા ઉત્સાહ સાથે સાડીસેલાં,ડ્રેસમાં સજજ થઈને બહેનો તો અબોટીયા જભ્ભા સાથે માથે સાફામાં બંધુઓ શોભાયમાન લાગતા હતા...દાદાનો જયઘોષ,ધૂન અને ગરબાની રમઝટ રસ્તામાં ઠેર ઠેર પૂજન સ્વાગતનો માહોલ ખરેખર દર્શનીય અને અનેરો હતો. વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો સાથેની શોભાયાત્રા હાટકેશ મંદિરે પહોંચ્યા બાદ મહાઆરતી કરવામાં આવી હતી. ત્યાંથી વિખરાયા બાદ સૌ ટાઉનહોલ ખાતે વિશાળ જગ્યામાં આયોજિત પ્રસાદભોજનમાં પહોંચ્યા હતા. જ્યાં સુવ્યવસ્થિત આયોજનમાં સાથે મળીને રસપુરી સાથે વિવિધ વાનગીઓ આરોગી હતી.(નવું કરવાની પહેલ કરવાની હોય છે...નેતૃત્વ, સેવાભાવી કાર્યકરો,વિશ્વાસ અને ઈચ્છાશકિત હોય તો આયોજન સફળ થાય જ તેમ કહી શકાય... જ્યાં જ્યાં આવું આયોજન થયેલ હોય તે સૌને ધન્યવાદ આપીએ.)

(પાટોત્સવના કેટલાક અહેવાલો બાકી રહેલ છે તે અને હવે મળશે તેને તથા કેટલાક સમાચારોને આવતા અંકમાં સ્થાન આપીશું. સમાચારો વહેસાસર મોકલવા વિનંતી.-તંત્રી)

જોઈએ છે : યુવકને કન્યા

(ગતાંકમાંજ. તા.માંભૂલ રહેતાંફરીથી)

જન્મ : ૯/૧૦/૧૯૮૯

ઉંચાઈ : ૫'.૭" વજન : ૬૭ કે. જી.

અભ્યાસ : એમ. ટેક.(કોમ્પ્યુટર)

ડી.ડી.આઇ.ટી. યુનિ. નડીયાદ

વ્યવસાય : ડી.ડી.આઇ.ટી. યુનિવર્સિટી-નડીયાદ ખાતે કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે કાર્યરત

સંપર્ક : મો.૯૯૭૯૬૭૮૪૭૦ /૯૮૭૯૭૧૨૩૬૩

મંગલ પરિણય :

-- પાર્થ કિરણકુમાર વસાવડાના લગ્ન અંજારના શ્રી મુકેશભાઈ દીનુભાઈ ધોળકિયાનાં પુત્રી ખુશાલી સાથે.

-- અમદાવાદ સ્થિત ઉલ્લાસભાઈ હર્ષદરાય વૈશ્નવના પુત્ર કૃણાલના લગ્ન મુંબઈ સ્થિત દિવ્યેશભાઈ એસ. વ્હોરાનાં પુત્રી માનસી સાથે. (ગતાંકમાં ઉલ્લાસભાઈનું નામ રહી ગયેલ-ક્ષમા)

-- અમદાવાદના કિરણકુમાર બી. ઝાલાનાંપુત્રી નિયતીનાંલગ્ન જામનગર સ્થિત યશેષભાઈ માંકડના પુત્ર મૌલિક સાથે.

સમાચાર સંચય

<u>વડોદરા :</u> અત્રે એલ.આઇ.સી.માં ડેવલોપમેન્ટ મેનેજર તરીકે કાર્યરત ભાર્ગવ મંગળપ્રસાદ બુચે એલ.આઇ.સી. દ્વારા જૂના પ્લાન બંધ કરી તેના સ્થાને નવા સ્વરૂપે રજુ કરવા ગત સપ્ટેમ્બરમાં 'ગો ગોવા' શીલ્ડ સ્કીમ રાખવામાં આવી હતી, જેમાં તેઓએ આ યોજનામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શીલ્ડ તથા રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યા જે બ્રાન્ચ મેનેજરના હસ્તે એનાયત થયા. ઉપરાંત તેઓના દસ એજન્ટોએ પણ શીલ્ડ મેળવતાં બ્રાન્ચમાં પ્રથમ નંબર હાંસલ કર્યો.

✌ એલ.એન્ડ ટી વાલ્વ કંપનીમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે કાર્યરત મિહિર મંગળપ્રસાદ બુચ ગત જાન્યુઆરી માસમાં કંપની તરફથી ટેકનીકલ ડીસ્કશન માટે રોમ(ઇટલી)ના પ્રવાસે જઈ આવ્યા.

✌ મિહિર મંગળપ્રસાદ બુચ અંધજનો માટે ચેન્નાઈ ખાતે યોજાતી કારરેલીમાં છેલ્લા છ વર્ષથી અંધજનના સાથીદાર તરીકે ભાગ લઈ રહયા છે. જેમાં અંધજનને બ્રેઇલ લીપીમાં રેલીના માર્ગનું વર્ણન આપવામાં આવે છે અને તે સૂચન મુજબ કાર ચલાવવાની હોય છે. આ વરસે ૫૭ કિ.મી.ની રેલીમાં મિહિર બુચની ટીમે પ્રથમ સ્થાન મેળવતાં અંધજનને રોકડ ઈનામ અને તેમને મોમેન્ટો એનાયત થયાં.

✌ શ્રી કલ્પેશ કે. અવાશીયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં અમદાવાદથી વડોદરા રીજીયોનલ મેનેજર તરીકે બદલાયા.

✌ તાજેતરના હોળી-ધૂળેટીના તહેવારો દરમ્યાન સ્વ. પ્રમિલાબેન આસ્તિકભાઈ નાણાવટીના પુત્ર-પુત્રીઓનો પારિવારીક મિલન સમારંભ તા. ૧૫/૩થી ૧૭/૩/૧૪ સુધી વલસાડના તિથલના સાંઇબાબા મંદિર ખાતે યોજાય ગયો. જેમાં દોઢ વર્ષના બાળકથી ૮૬ વર્ષના વયસ્કો સમેત મુંબઈ, વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢથી ૪૨ કુટુંબીજનો જોડાયાંહતાં.કાર્યક્રમના ૩ દિવસ સૌએ રમતગમત,ગરબા, અંતાક્ષરી, મિમીક્રી, હાઉસી ઉપરાંત ચા નાસ્તા, ખાનપાનનો આનંદ માણ્યો હતો. આયોજનને સફળ બનાવવા બદલ સનતલાલ સુરજલાલ નાણાવટીએ સૌનો આભાર માન્યો હતો.

✌ જીએસએફસી દ્વારા રાષ્ટ્રીય સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૬ માર્ચના રોજ ડો. રાજેન્દ્ર હાથીએ 'હેલ્થ ટીપ્સ ફોર ધ ઇન્ડ. અવેરનેસ' વિષય ઉપર માહિતીપ્રદ વાર્તાલાપ આપ્યો હતો.

✌ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ટાઉનશીપ ખાતે શાનદાર ફેમીલી ડેની ઉજવાયો જેમાં ડાન્સ,ગીત સંગીત તથા કોમેડી સ્પર્ધા યોજાયેલ જેમાં હાસ્યસમ્રાટ ડો. રાજેન્દ્ર હાથીએ મુખ્ય નિર્ણાયક તરીકે સેવા આપી. જે બદલ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા.

✌ રાજ્ય સહાયથી ચાલતાં ગુજરાત પુસ્તકાલય મંડળ દ્વારા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ૧૦૦૦ શબ્દોમાં નિબંધ લખી ડો. રાજેન્દ્ર હાથીએ વરિષ્ટ વિભાગમાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો.

<u>રાજકોટ :</u> અર્પિત વ્યોમેશ વસાવડાએ તાજેતરમાં રણજી ટોફી ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર વતી રમી કાંડાનું કૌવત બતાવી મહારાષ્ટ્ર સામે ૬૮ રન, મુંબઈ સામે ૯૯ નોટઆઉટ, ગુજરાત સામે ૭૨ રન બનાવતાં દેવધર ટ્રોફીમાં પસંદગી પામ્યા.તેઓ હવે વિશાખાપટ્ટનમ રમવા જશે. અભિનંદન-શુભેચ્છા.

✌ પાર્થ તથા નિસર્ગ કિરણકુમાર વસાવડાને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

✌ પૂના ખાતે ઈન્ફોસીસમાં એન્જીનીયર તરીકે ફરજ બજાવતા સૌમિલ (હેમેન્દ્ર લક્ષ્મીકાંત છાયાના પુત્ર) કંપની તરફથી પ્રોજેકટ માટે નોર્થ કેરોલીના (અમેરીકા) ગયા.

✌ મિહિર કૌશિકકુમાર છાયા બી.ઇ.(ઇલે. ચોથુંસેમ.)એ એ.ડી.આઇ.ટી.ન્યુ વ. વિદ્યાનગર ખાતે 'ટેક-ફેસ્ટ' 'શાશ્વત-૨૦૧૪' અન્વયે યોજાયેલ કિવઝ તથા મીની પ્રોજેકટ સ્પર્ધામાંભાગ લઈ ગુજરાતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી રૂા. ૫૦૦૦/- રોકડ પારિતોષીક, શીલ્ડ તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

✌ મહાવીર જયંતીના ઉપલક્ષ્યમાં યોજાયેલ જૈન સ્તવન સ્પર્ધામાં શ્રીમતી નીતા વિરલ વસાવડાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

ગતાંકમાં રાજકોટના સ્વ. હેમલતાબેન રજનીકાન્તભાઈ વછરાજાનીના અંજલિલેખમાં જ.તા. ખોટી છપાઈ ગયેલ જે ૨૯/૧૧/૧૯૨૯ અને બહેનો (પુત્રી) ચાર છપાયેલ જે પાંચ બહેનો વાંચશો. દરગુજર.

<u>જૂનાગઢ :</u> કુ. પ્રચેતાબેન વોરા દર શનિવારે બાળસંસ્કાર કેન્દ્ર ચલાવી રહયાં છે. ઉપરાંત શિવરાત્રી, હાટકેશ પ્રાકટયોત્સવના દિવસે શિવમહિમ્ન સ્તોત્ર અન્ય સ્તોત્રોનું પઠન કરાવી સંસ્કારસિંચન કરાવી રહયાં છે. આ બાળકેન્દ્રના ૨૫ બાળકો તથા ૨૦ વડીલ બહેનો ગાઠિલા ઉમિયામાતાજીના મંદિરે જઈ આવ્યાં. જ્યાં બાળકો બહેનોએ ગરબા શક્રાદય સ્તુતિગાન, ભજન બાદ અલ્પાહારનો આનંદ માણ્યો હતો. સૌને પુસ્તકો પુરસ્કારથી પ્રોત્સાહન આપવામાં આવેલ.

✌ જૂની પેઢીના આદર્શ શિક્ષક સ્વ. શ્રી ચંદ્રમુખરાય જયંતીલાલ ખારોડની પૂણ્યતિથિ નિમિત્તે વડાલ ખાતે આવેલ માનસિક અને શારિરીક વિકલાંગ બાળાઓની સંસ્થા ખાતે મીષ્ઠ ભોજન તથા ઉપયોગી ચીજવસ્તુઓ આપવાનો કાર્યક્રમ સામાજિક કાર્યકર સુ. શ્રી જાગૃતિબેન ખારોડના આર્થિક સહયોગથી જાગૃતિબેન ખારોડ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજવામાંઆવ્યો હતો.

<u>પોરબંદર :</u> અત્રેના પલ્લવ નયનકુમાર ઝાલા રોયલ બેંક ઓફ સ્કોટલેન્ડમાં ગુડગાંવ દિલ્હી ખાતે જોડાયા.

<u>જામનગર :</u> ઇ ટીવી ઉપરથી પ્રસારિત થતા 'રસોઈ શો'માં તા. ૧૩/૪ના એપીસોડમાં શ્રીમતી સોનલ મનોજ નાણાવટીએ વટાણાની પોટલી દાળઢોકળી બનાવવાની રીત બતાવી.

✌ ગત ગીતા જયંતીના રોજ શ્રી ગીતા વિદ્યાલય દ્વારા ગીતા જ્ઞાન પરીક્ષા રાખવામાં આવી હતી. ૧૦૦માર્ક ના સાત પ્રશ્નોના પ્રશ્નપત્રમાં ૫૧ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાંથી શ્રી જ્યોતિન્દ્રભાઈ પ્ર. રીંડાણીએ તૃતીય તથા શ્રીમતી પૂર્ણાબેન જે. રીંડાણીએ પાંચમો ક્રમ મેળવી 'વિશેષ યોગ્યતા' સાથેનું પ્રમાણપત્ર, પુરસ્કાર તરીકે રોકડ રકમ તથા પુસ્તકો મેળવ્યાં.

✌ ભસ્માંગ વિરેશભાઈ ધોળકિયા અમદાવાદ ખાતેની 'A.M.C.D.ડેન્ટલ કોલેજ'માં ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પીયન થયા.

<u>અમદાવાદ :</u> ઉમેશભાઈ એન. ઢેબર બેંક ઓફ બરોડામાં ૩૫ વર્ષની સન્નિષ્ઠ ફરજ બજાવી મેનેજર તરીકે સ્વૈચ્છિક નિવૃત્ત થયા.

✌ અત્રેના શ્રીમતી આરતી કશ્યપભાઈ વછરાજાનીના પુત્ર જયશીલ વછરાજાનીએ મુંબઈ સ્થિત સેન્ટ ગોબેઇન કંપનીમાં સિનિયર મેનેજર (ફાઇનાન્સ) તરીકે બઢતી મેળવી. (ચિ. જયશીલ સ્વ. વિનાયકભાઈ અને હંસાબેન વછરાજાનીના પૌત્ર અને સ્વ. હરસુખભાઈ અને અરૂણાબેન હાથીના દોહિત્ર થાય.)

હિતાર્થ ઢેબર સી. એ. થયા

જામખંભાળીયાના સ્વ. અનંતરાય કે. ઢેબરના પૌત્ર હિતાર્થ એચ. ઢેબરે જાન્યુઆરી-૧૪માં માત્ર ૨૨ વર્ષની વયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી મેળવી, ખંભાળીયામાં સૌ પ્રથમ સી.એ. થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.

હાટકેશ વ્યાયામ સંઘ આજે પણ ધબકે છે...

૧૯૪૦-૫૦ના દશકમાં કાર્યરત હાટકેશ વ્યાયામ સંઘ રાજકોટના વડોદરા વસતા સભ્યોનું વાર્ષિક સ્નેહમિલન તા. ૧૪ માર્ચના રોજ ડો. અખિલેશ(બાબુજી) ઘોળકિયાના નિવાસસ્થાને યોજાય ગયું. જેમાંયુએસએથી આવેલ શ્રી કેતુભાઈ તથા મુંબઈ સ્થિત શ્રી સેતુભાઈ દેસાઈ પણ જોડાયેલ. શરૂઆતમાં શ્રી નીલકંઠ(નીલુ)ભાઈ બક્ષીના દેહાવસાન બદલ દુઃખની લાગણી વ્યકત કરી તેમના સંભારણા અને વ્યાયામશાળામાં તેમના યોગદાનને યાદ કરી શ્રધ્ધાંજલિ આપી હતી. પરિચય બાદ સૌએ વ્યાયામ શાળાના પાયાના પત્થર સ્વ. શાંતિભાઈ ઘોળકિયા, હર્ષવંતભાઈ તથા મનહરભાઈ હાથીને યાદ કરી અંજલિ આપી હતી. અખિલેશ ઘોળકિયાએ કહયું કે ૫૫ વર્ષ પહેલાંની સંસ્થાના સભ્યો આજે પણ ભેગા મળીને યાદ તાજી કરે તે ખરેખર આનંદની વાત છે. બાદમાં વ્યાયામશાળાની વિશેને જાણકારીની કસોટી કરવા બહેનો-ભાઈઓ વચ્ચે એક કવીઝ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બહેનોની ટીમ વિજેતા થઈ હતી.

અંતમાંશ્રી અખિલેશ ઘોળકિયા તથા શ્રીમતી જ્યોત્સનાબેન ઘોળકિયા તથા શ્રી સુરેશ માંકડ તથા શ્રીમતી સુરભિબેન માંકડના સૌજન્યથી સૌ ભોજન-આઇસ્ક્રીમને ન્યાય આપી વ્યકિતગત રીતે પણ મળતા રહેવાના એકસૂર સાથે વિખરાયા હતા.

ફલેટ ભાડે આપવાનો છે :

2 BHK FLAT IN NEW COMPLEX,
SUNPHARMA ROAD,
NEAR OLD PADRA ROAD,
VADODARA.
CONTACT: 9825959446.

હર્ષલ અંજારીયા
મો. ૯૪૦૯૦ ૧૭૮૫૪
૯૪૨૬૪ ૧૭૮૫૪
૯૫૮૬૫ ૦૮૫૦૦

સાંઇ વિજ્ઞાપન
૨-ઇન્કમટેક્ષ સોસાયટી,
એરપોર્ટ રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૭.

સર્વિસીસ
- ન્યુઝ પેપર એડ્
- કર્મશીયલ એડ્.
- રેડીયો FM એડ્.
- કેબલ ટીવી એડ્.
- હોર્ડીંગ એડ્.
- ડીઝીટલ સ્ક્રીન એડ્.
- ઇવેન્ટ મેનેજમેન્ટ
- પ્રોડકટ ફોટોગ્રાફી

E-mail : info.saivigyapan@gmail.com

અવસાન નોંધ : રાજકોટના જ્ઞાતિના સક્રીય સેવક,બરછી પ્રતિનિધી ચેતન છાયાનાં માતુશ્રી ગં. સ્વ. સુધાબેન (સુશીલાબેન) પ્રવિણચંદ્ર છાયાનું ૮૪ વર્ષની વયે અવસાન થયું. તેઓ પાછળના લૌકીક વ્યવહારો બંધ રાખવાનું સ્તુત્ય પગલું ભર્યું. અ.સૌ. કલ્પનાબેન (કૌશલ્યાબેન) મુકિતશંકર (શાંતિભાઈના સમયથી બરછીને સેવા આપતા વડીલનાં ધર્મપત્ની) ઓઝાનું ૭૬ વર્ષની વયે અમદાવાદ ખાતે અવસાન થયું. સદ્‌ગતોને બરછી પરિવારના શ્રધ્ધાસુમન. અરૂણાબેન ગુણવંતરાય દેસાઈ રાજકોટ- ડો. ભરતભાઈ હાથી જામનગર- રશ્મીકાંતભાઈ ઇન્દુલાલ અંજારીયા જામનગર. (ગતાંકમાં શોભનાબેન રમણીકલાલ હાથીના અમદાવાદ ખાતે અવસાનના સમાચારમાં શરતચૂકથી ગં. સ્વ. શોભનાબેન છપાઇ ગયેલ ક્ષમા સાથે મુ. રમણીકભાઈનું દિર્ઘાયુષ્ય પ્રાર્થીએ છીએ.-તંત્રી)

પ્રખર રામાયણિ, જ્ઞાતિના અદના વડીલ જનકભાઈ માંકડનો દેહવિલય

જામનગરમાં મુ. જનકભાઈ માંકડનો તા. ૨૨-૮-૧૯૨૬માં જન્મ. ત્યાંજ શિક્ષણ મેળવ્યું. યુવાવસ્થામાં રમતના મેદાનમાં અગ્ર રહયા.. તેમની કેપ્ટનશીપ નીચે તેમની ટીમ અખિલ સૌરાષ્ટ્ર શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પીયન બનેલ. કોર્ટમાં નોકરીમાં જોડાયા ઘણા ગામોમાં નિષ્ઠાપૂર્વક ૩૦ વર્ષ નોકરી કરી જૂનાગઢ ખાતેથી કલાર્ક ઓફ ધ કોર્ટ તરીકે નિવૃત્ત થયા. તેઓ માંકડ કુટુંબના કુળદેવી જ્વાળામુખી માતાજીના મંદિરમાં આજીવન સેવારત રહયા, આ ઉપરાંત હાટકેશ્વરમાં હાટકેશ પુત્રો દ્વારા જે સમૂહરૂદ્રી થાય છે તેના મુખ્ય પ્રણેતા હતા. સાથે સાથે અ. ભા. નાગર પરિષદમાં સક્રીય રહી પ્રમુખપદ પણ શોભાવ્યું અને જામનગરની સમગ્ર જ્ઞાતિ માટે તો હંમેશાં સેવાસમર્પિત રહયા જ.

'બરછી'ને પણ મુ. જનકભાઈની દાયકાઓથી સેવાઓ મળી... એક સમયે સ્વ. મુ. ગુણવંતભાઈ ઝાલા, જનકભાઈ માંકડ અને પ્રવિણભાઈ બુચની ત્રિપુટી. ત્રણેનું સુંદર 'ટયૂનીંગ'...જુદા છતાં બધે, દરેક જ્ઞાતિ પ્રવૃત્તિમાં સાથે જ હોય...ત્રણેય નિઃસ્વાર્થી નિર્લેપ. નહીં હૂંસાતુંસી, ન કોઈ માટે રાગ કે દ્વેષ માત્ર,હંમેશાં સકારાત્મક અભિગમ સાથે જ્ઞાતિજનોને બરછી સાથે જોડતા રહે, સમાચારો મોકલતા રહે. આવી ત્રિપૂટી બાદ હવે જોડી પણ ખંડિત થઈ!

જનકભાઈ આજીવન શિવના ઉપાસક રહયા અને રામના સેવક તરીકે ભકિત કરી. છેલ્લા ૨૦ વર્ષથી દર ગુરૂવારે તેમના ભાણેજ ડો. ભરત બક્ષીને ત્યાં રાત્રે ૧ કલાક ગુરૂવારી સત્સંગ કરતા. તો શ્રાવણ માસમાં દરરોજ શ્રાવણી સત્સંગમાં પોતાના હૃદયના વિપૂલ ભકિતના થાળ માંથી સૌને ભકિતરસનું ભાથું પીરસતા રહયા...મુખેથી અસ્ખલિત ભજનગંગા વહે...પોતે ભજનો, ચોપાઈ રચે. જેની પુસ્તિકા પણ પ્રગટ કરેલ. તેઓનું નિવૃત્તી બાદનું ધર્મમય, કર્મમય, સાત્વિક જીવન દર્શન કરતાં ઉપરોકત પ્રવૃત્તિઓ કે સેવાઓ આત્માની ઉન્નતિ માટે કરી હોય તેમ લાગે... આવા મુરબ્બીને મળવાનું બહુ ઓછું થયું તેનો રંજ રહેશે. ખેર!

ડો. ભરતભાઈ અંજલિ આપતાં લખે છે કે જનકભાઈ સત્સંગમાં બહુ ઓછાને ખબર હોય તેના વિશે વાતો કહે... દા.ત. કુલ ૨૦ રામાયણ છે, રામાયણમાં ચોપાઇ હોય છે, વેદમાં ઋચા અને ગીતામાં શ્લોક. આ ત્રણેયમાં એક સરખા ભાવાર્થવાળા શ્લોક, ચોપાઈ ઋચા કેટલી તેનું વિગતવાર વર્ણન લઈ આવે, તો રામાયણમાં શુકન અપશુકન તેમજ તેમાં જ્યોતિષશાસ્ત્રનો આધાર બતાવે, રામાયણના સાત કાંડમાં એક સુંદરકાંડ છે આ સુંદરકાંડ નામ કેમ રાખ્યું? તેનું પ્રમાણ પ્રેમ-પરાક્રમ અને પ્રતિતી બતાવે. વધુમાં તેઓ લખે છે કે જનકભાઈ કર્મકાંડનું પણ ઊંડું જ્ઞાન હતું...દરેક પ્રસંગને અનુરૂપ વિધિ-વિધાનની આવડત હતી.

મુ. જનકભાઈનો સંદેશ પણ સૌએ જીવનમાં ઉતારવા જેવો છે...

– 'તમારા ઈશ્વરને એ ન કહો કે તમારી તકલીફ કેટલી મોટી છે
તમારી તકલીફોને કહો કે તમારો ઈશ્વર કેટલો મોટો છે.'

– ઈશ્વરને પણ હવે તથાસ્તુ કહેતાં પણ ડર લાગે છે કારણ કે આજનો માનવી ફકત એક ફૂલ આપીને આખો બગીચો માંગતો થઈ ગયો છે.

ખરી ભકિત અને સત્સંગ થકી પામી ગયા હોય તેમ તા. ૧૨/૪/૨૦૧૪ના રોજ તેઓની ઈચ્છા મુજબ ઘરમાં સૌએ સુંદરકાંડ અને હનુમાનચાલીસાના પાઠ શરૂ કરાવ્યા અને પરમ શાંતિથી જાણે કે તેઓએ દેહત્યાગ જ કર્યો.

આવા સાત્વિક વડીલના જીવન માંથી ભકિત, ધર્મ, કર્મ અને સેવાનો મર્મ સમજી તેઓના માર્ગે ચાલવા પ્રયત્ન કરીએ તે જ તેમને સાચી અંજલિ હોઈ શકે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ।

લગ્ન વિષયક જાહેરાત

(૧) એમબીએ જ. ૧૧/૧૯૮૪ ૫'.૫" ઉંચાઈના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧

(૨) સી. એ. જ. ૬/૧૯૮૬, ઉં. ૫'.૧૧" વડોદરા ખાતે પ્રા. કંપનીમાં નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક:૦૨૬૫-

(૩) બી.ટેક. એમબીએ, જ.૧૧/૧૯૮૭,ઉં. ૫'.૯"એમએનસીમાં નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક:૦૨૮૧-

(૪) બી.કોમ.,એલએલ.બી. એડવોકેટ જ. ૫/૧૯૮૪, ઉં. ૫'.૭" અમદાવાદ ખાતે વકીલાત કરતા યુવકને કન્યા. સંપર્ક:મો.

(૫) બી.કોમ. ૫/૧૯૮૭ લી. કંપનીમાં એકાઉન્ટ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૬) બી.ઇ.(ઇસી) જ. ૭/૧૯૮૮, ઉં. ૫'.૭" બેંગલોર ખાતે સી.ડેક સરકારી કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક:૦૭૯-

(૭) બી.કોમ., ૬/૧૯૮૩, ઉં. ૫'.૭" રાજકોટ ખાતે નોકરી કરતા, નિર્દોષ છૂટાછેડા થયેલ યુવકને કન્યા. સંપર્ક:૦૨૮૧-

(૮) બી.કોમ. -કોમ્પ્યુટર કોર્ષ, જ. ૧/૧૯૯૨ ગૃહકાર્યમાં કુશળ કન્યાને (બોલવામાં થોડી તકલીફ) સંપર્ક:મો.

(૯) બી.એસ.સી. (કેમ.) જ. ૪/૧૯૯૦ ઉં. ૫' નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૦૨૮૧-

(૧૦) બી.ઇ.(કેમ.એન્જી.) ૪/૧૯૮૫, ઉં. ૫'.૫" નોકરી કરતી માંગલિક કન્યાને યુવક. (એક સગાઈ ફોક થયેલ છે) સંપર્ક:૦૨૬૫-

(૧૧) બી.કોમ.,પીજીડીએમ, એમબીએ. જ. ૯/૧૯૮૬ ઉંચાઈ ૫'.૩"ની નોકરી કરતી કન્યાને યુવક સંપર્કઃ- ૦૭૯-મો.

(૧૨) એમ.એ. (ઈંગ્લીશ લીટ.)૧૦/૧૯૮૬, ઉં. ૫'.૧" ગેઝેટેડ ઓફીસર-એન્જી. કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતી કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક:૦૨૮૧-મો.

સગપણ સ્નેહભર્યું:

- રાજકોટના હેમેન્દ્ર લક્ષ્મીકાંત છાયાનાં પુત્રી ચૈતાલીનું સગપણ મુંબઈ સ્થિત પ્રશાંત રોમેશચંદ્ર વૈશ્નવના પુત્ર તપન સાથે. - રાજકોટનાં મીનળ શૈલેષભાઈ બુચનું સગપણ ભુજ નિવાસી કુશાન રાજેશભાઈ અંતાણી સાથે. - રાજકોટ સ્થિત ભાવનગર સ્થિત મિહિરભાઈ જે. મહેતાનાં પુત્રી યજ્ઞિકાનું સગપણ સુરેશ જે. કચ્છીના પુત્ર ભૂષિર સાથે. - અમદાવાદ સ્થિત જિગીષાબેન હિરેનભાઇ માંકડના પુત્ર નિષાંતનું સગપણ વડોદરા નિવાસી તૃપ્તીબેન દક્ષેસભાઈ દેસાઈનાં પુત્રી નીધિ સાથે. (બરછીના માધ્યમથી)

'નાગરોને નજર લાગી?' જાન્યુઆરીના અંકના અનુસંધાને મંતવ્યો

(પાંચ દાયકાનાં બરછી ફંકોળતાં અત્રે લખવાનું મન થયું કે પાના ભરી ભરીને છપાતાં આવાં મંતવ્યો, ઉપયોગી લેખો કે સારા માઠા કે ગૌરવ બક્ષતા સમાચારોનું મૂલ્ય આજે ભલે ઓછું આંકીએ પરંતુ આજના લેખો, કાવ્યો, સંતાનોના ઉચ્ચ અભ્યાસની માહિતી, જ્ઞાતિ કેવી છે,નાત/લગ્ન, રીત રિવાજો કેવા છે તે તેમજ આજના પ્રતિભાવાન યુવાનો, ઉચ્ચ હોદે પહોંચેલ કે વ્યવસાય- ધંધામાં પ્રગતિ સાધનાર પ્રસિદ્ધિમાં ન માનતા બંધુઓ પણ આવતી કાલની દ્રષ્ટિથી વિચારી લેખ/સમાચાર/માહિતી લખી મોકલશે તો ભવિષ્યની પેઢી માટે ઉપયોગી, પ્રેરક અને ગર્વ અનુભવાય તેવુંજ બનશેને ? દાયકા પહેલાના ફોટા કે બરછી સાચવ્યાં હોય તો અનુભવ કરી વિચારજો. કારણ કે હવે તો આજની તાસિર-તકદીર કોમ્પ્યુટર,નેટ ઉપર ભવિષ્યમાં પણ સચવાયેલી રહેશેને? તો પ્રચાર માટે નહીં, સારાના પ્રસાર માટે તમે લખતા રહો અમે છાપતા રહીએ. જાન્યુઆરી-૧૪ના અંકમાં પ્રકાશિત થયેલ મયુરભાઈ અંજારીયા લિખિત 'શું નાગરોને નજર લાગી ?' મંતવ્ય અને તેના અનુસંધાને મળતા પ્રતિભાવ પણ આવી સમસ્યાઓમાં દિશાસૂચનના શુભ ઉદ્દેશથી જ પ્રકાશિત કરી રહયા છીએ. આ અંકમાં ત્રણેય મંતવ્યો મનનીય અને વિચારણીય પણ જણાતાં, ત્રણ જ્ઞાતિબંધુઓના મંતવ્યો એક સાથે પ્રકાશિત કરી રહયા છીએ. વાંચીને વિચારશો...બાકીના હવે પછી...- તંત્રી)

(૧) જાન્યુ માસના બરછીમાં મયુરભાઈએ જે છ મુદા ઉઠાવ્યા છે જેમાંએક મુદ્દો " જ્ઞાતિમાં સગાઈ તૂટવાના કે લગ્ન વિચ્છેદના બનાવો વધતા જ જાય છે કેમ ? આ અતિ ગંભીર મુદ્દો છે.

આ માટે તો સૌ પ્રથમ સંતાન પરણવા લાયક થાય ત્યારે જે રીતે યુવક -યુવતી ની પસંદગી માટેની જે રીત હતી તેમાં ઘરમુળથી પરીવર્તન આવ્યું છે. અગાઉ જયારે સંતાનને પરણવા માટે પસંદગી કરવાની હોય તેમાં માત્ર વડીલોનો સિંહફાળો રહેતો જેમાં બંન્ને પક્ષના વડીલો સાથે બેસીને યોગ્ય ગુણ-સંસ્કાર જોઈ નકકી કરતા. જેમાં સંતાનોને પૂછવાનો પ્રશ્ન જ ન આવતો. અને છતાં પણ એ રીતના થયેલ લગ્નના ૫૦ વર્ષ પૂરાં થયાં હોય તેવું આજે પણ જોવા મળે છે. એ વખતે એવો વિચાર આવે કે આપણા માતા-પિતાને એકબીજાને જાણવાની કે સમજવાની શું જરૂર જ ન હતી ? એ વખતે સંસ્કાર જ એવા આપવામાં આવતા કે દીકરીએ સાસરીયાને જ પોતાનું ઘર સમજીને રહેવાનું અને એ સંસ્કારનું પુરેપુરૂં પાલન થયું હોય તો જ લગ્નજીવન લાબું ચાલ્યું હોય તેમાં બે મત નથી.

હવે રહી અત્યારની વાત. તો આજે માતા-પિતા સંતાનોને યોગ્ય પાત્ર શોધીને પુરેપુરી સ્વતંત્રતા વિચારવા માટે આપે છે. અલબત સારા સંસ્કાર પણ આપે જ છે, પરંતુ એ સંસ્કાર દીપવવા એ સંતાનના હાથમાં છે. આજે જયારે સંતાનો અભ્યાસ કે નોકરી અર્થે બહાર જાય, તેથી તેઓ માતાપિતાથી દૂર થઈ જાય છે. પરીણામે તેમની આત્મીયતા ઓછી હોય છે, અને તેઓ સાથે બેસી આ અંગે ચર્ચા કરી શકતા નથી, પરીણામે સંતાનમાં નિર્ણય લેવાની શકિત ઓછી હોય છે અથવા તો તેઓ વધારે વિચાર વિમર્શ કરી સંબંધ બાંધવા સંમત થઈ જાય છે. આવા ઉતાવળા નિર્ણયને કારણે તેઓ એકબીજાંને સમજી શકતાંનથી અને મતભેદ થાય છે અને વાત સગાઈ તૂટવા સુધી પહોંચી જાય છે બીજી એક વાત... આ મામલે વડીલોની સમજણથી તેઓ લગ્ન તો કરી લે છે પરંતુ તેઓ એકબીજાંને કયારેય સમજી શકતાં નથી. પરીસ્થિતિ સાથે સમાધાન કરી જીવન જીવવાની ક્ષમતા તેઓ ગુમાવી બેસે છે પરીણામે કયારેક ટૂંક સમયમાં અથવા તો કયોક લાંબે ગાળે પરીસ્થિતિ લગ્ન-વિચ્છેદમાં પરીણમે છે. જે આપણી જ્ઞાતિ માટે ઘણી દુઃખદ અને શરમજનક ઘટના છે.

વડીલશ્રીના કહેવા પ્રમાણે ઠેરઠેર ચર્ચાતો 'હોટ-ટોપિક" સૌના મંથનથી હલ થઈ શકે છે. પરંતુ જયારે કુટુંબના વડીલોની સમજણ અને મથામણથી સમસ્યા હલ નથી થતી તો સૌના મંથનથી સમસ્યા હલ થઈ શકે ખરી? અંતે એક વાત કહેવાનું મન થાય કે અગાઉના સમય જયારે આવી સમસ્યા ઉભી થતી ત્યારે નાગરો પોતાની મુત્સદીપણાથી ઘરમાંને ઘરમાંજ હલ કરી નાખતા, ત્યારે આ ટોપિક 'હોટ ટોપિક" બને અને સૌના મંથનથી આ પ્રશ્ન હલ થાય એ વાત હોંશિયાર ચપળ અને મુત્સદી નાગર જ્ઞાતિને શોભે ખરી ?

- શ્રીમતી પન્ના એચ. વસાવડા, જુનાગઢ

(૨) નજર.....નાગરોની અને નાગર ઉપર નજર લાગી?

નવાઈ તો નથી પરંતુ કળિયુગની અસર જરૂર જણાય આવે છે. નાગરની આંખમાં જેટલું તેજ આકર્ષણ એકબીજાને આકર્ષી શકે તેટલો જ સ્નેહ સંબંધ કદાચ ઋણાનુબંધ કહી શકાય. આંખ એ આત્માનું પ્રતિબિંબ છે. પ્રજ્ઞાચક્ષુ વ્યકિત પાસે મનની આંખ હોય છે પૂછીને ખાતરી કરી લેવી. છેલ્લા દસમાનો લગ્નજીવન ગ્રાફ જોશો તો ખ્યાલ આવશે કે સીધી રેખામાં આડી અવળી તૂટક રેખાઓ વધારે પ્રમાણમાં અંકિત થયેલી જોવા મળશે. કુદરત પ્રકૃતિને પણ પરિવર્તન ગમતું હશે... એટલે જ કદાચ વર્ણશંકર પ્રજા ઉત્પન્ન થતી રહેતી હોય છે એની સામે નાગર જ્ઞાતિને થોડો કે બિલકુલ વાંધો ન પણ હોય પરંતુ જ્ઞાતિ વિકાસને સાથે આધ્યાત્મિક સંસ્કાર સંલગ્ન પ્રવૃતિ પણ પરંપરિત રહેવી જોઈએ. જે વંશ કુટુંબ પરંપરાગત રહેતી હોય છે. તુલસીકૃત રામાયણ તથા સહુથી સહેલું પૂજય મોરારીબાપુનુંઅમૃત રામાયણ, ડોંગરેજી મહારાજનું શ્રીમદ્ ભાગવતનું વાંચન કરતાં સળગતા જીવનના પ્રશ્નોનું સમાધાન સુલભ જણાશે. અન્ય પૂરાણો પણ છે જ. કુટુંબ જ્ઞાતિમાં અરસ પરસ પ્રસંગે કે પછી ફુરસદના સમયે પણ મળતા રહીએ તો ઉભા થયેલ પ્રશ્નો પરત્વે ગંભીરતા સેવીને ઉપાયો તો યોજવા જ રહયા. સામાન્ય ઉપચાર..

મુદો -૧ વિદ્યાર્થી મિત્રોએ ગુરૂવાર કરવાના એક સમય જમવાનું બીજે સમયે ફરાળ-ઉપવાસ. લખનારને સ્વાનુભવ છે. જેનો ગુરૂ ગ્રહ કુંડળીમાં નબળો હોય તેને માટે છે... અન્ય લોકો પણ કરી શકે.

મુદો - ૨ ઉપર થોડુંક જણાવ્યુ... વર્ણશંકર પ્રજા થોડીક વધુ હોંશીયાર ચાલાક આવતી જોવા મળે છે ગ્રહોની સાથે શિક્ષણ ઘડતર કેળવણી આર્થિક રીત વગેરે ભાગ ભજવતા હોય છે. ગુરૂગ્રહની ખાસીયત છે એકબીજાને જોડી રાખે- મેળવી આપે, સારા કર્મ તરફ વાળી શકે. જયારે મંગળ ગ્રહ ક્રૂર છે... તોફાન તડફડનો કારક હોવાને કારણે કોઈપણ કાર્ય પળવારમાં તોડાવી શકે.. મંગળની નકારાત્મક શકિતની આ વાત છે. ભારતીય જયોતિષશાસ્ત્રનું મુળભૂત પાયામાં રહેલું થોડુંક જ્ઞાન-માહિતી પીરસી છે. વ્યકિતગતથી કુટુંબ તથા સમાજમાં પણ ગ્રહોનું સામ્રાજય અવિરત આંદોલન કરતું રહેતું હોય છે.

આપણા ઈષ્ટદેવ હાટકેશ..હાટક એટલે સોનું. સોનું કિંમતી ધાતુ એટલે આપણી જ્ઞાતિ ગૌરવવંતી ... સ્થુળ દ્રષ્ટિને સૂક્ષ્મ દ્રષ્ટિને શિવનું સાયુજય હાટકેશ્વરમાંજ રહેલું છે. જેનો અર્થ છે કલ્યાણ. સૌ પ્રથમ આપણે આપણી સાથે બીજાનું પણ કલ્યાણ ઈચ્છવું રહયું, જે કોઈ સંપર્કમાં આવે તે જ્ઞાતિબંધુનું. આ ભાવના સહપ્રવૃતિમાં આવવાથી એકમેકને સમજાવાથી જ્ઞાતિ હિતાર્થના કર્મોનુંબંધન આપોઆપ સ્ફૂરીત થતું રહેશે. (હસી)ખુશી નિર્મિત સ્મિત છાયાનું આંગણું કેટલું મહેકી ઉઠે છે તે આપણે નજીકના ભવિષ્ય માંજ જોઈશુ. આ પણ એક સદ્કર્મ જ છે. દંપતીને વડીલોના અંતરના શુભાશિષ મળશે. શુભેચ્છા સહ....

વિવિધ યજ્ઞ કર્મ દ્વારા સંસ્કારનું સિંચન થઈ શકે છે. શકિત અને બુદ્ધિ યજ્ઞ દ્વારા શુદ્ધ થઈને સંસ્કારીત થઈ જતી હોય છે. ગાયત્રી યજ્ઞ, નવચંડી યજ્ઞ, સત્યનારાયણની કથા, લઘુરૂદ્ર.... વરસે દહાડે એકાદવાર બ્રાહ્મણો દ્વારા આવા પ્રયોગો કરવાથી વધારે ખ્યાલ આવશે. આનાથી પણ સળગતા પ્રશ્નોનું સમાધાન આવવાનું શરૂ થશે. કાંઈ નહીંતો ઘરમાં રહેલા શિવલિંગ ઉપર દૂધ પાણીનો અભિષેક અચૂક કરવો. રૂદ્રી બોલતાં કે પછી શ્રી હાટકેશ્વર અષ્ટકમ્‌ની સ્તુતિ બોલતાં તે પણ લાભકારક નીવડશે.

ૐ નમઃ શિવાય...

- ભવાર્ણવ મહેતા, વલ્લભ વિદ્યાનગર

(૩) શ્રી મયુરભાઈ અંજારીયા લિખીત ઉપરોકત વિષયમાં જણાવવાનુંકે આપણી જ્ઞાતિ પારસી જ્ઞાતિની જેમ ક્ષીણ થતી જાય છે. નાગર જ્ઞાતિની પરિવાર નિર્દેશિકા - ૨૦૧૩માં રાજકોટ જિલ્લાની આપણી વસ્તી માત્ર ૪૩૦૦ જેટલી છે. કુલ ૧૦૦૬ જેટલા કુટુંબો છે જેમાં રાજકોટ શહેરના ૯૩૦ જેટલા છે. આ વસ્તીમાં ૬૦ વર્ષ ઉપરની વ્યકિતઓ એકાદ હજાર છે અને ૮૦૦ વ્યકિત ૨૦ વર્ષની અંદર છે. આથી સ્વાભાવિક રીતે જ અસંખ્ય શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમા નાગર કેટલા ? અત્યારે તો એ જમાનો છે જો તમે સ્પીડ ગમે તેટલી વધારો તમારી આગળ તો કોઈ હોય જ છે અને ઓવરટેઈક કરવાવાળા તો અલગ ! આથી હવે બોર્ડના રીઝલ્ટમાં એકાદ વિદ્યાર્થી આવે તો પણ ઘણું થઈ જાય તેમ છે. બીજું, લગ્ન બાબતે એવું છે કે બહારગામ ભણતા કે નોકરી કરતા જ્ઞાતિજનો જો નાગર પાત્ર ન મળે તો શું કરે ? એટલે મનમેળ થઈ જાય તો લગ્ન કરે છે. જો તેમ ન કરે તો ઉંમર મોટી થઈ જાય છે. અને પછી પાત્ર શોધવામાં મુશ્કેલી પડે છે. અત્યારે પરિવારો નાના થઈ ગયાં છે જે પુત્રને ઘરે મા-બાપ રહેતા હોય તેઓ બંન્ને નોકરી કરતા હોય અને છોકરાં ભણતાં હોય તો આખો દિવસ મા-બાપની સંભાળ કોણ રાખે ? વળી ૨ બેડરૂમ હોલ કિચનના મકાનમાં તેઓ કેદ થઈ જતા હોય તેમ લાગે એટલે ઘણાંમા- બાપો સ્વતંત્ર રીતે જ જીવવામાં માનતા હોય છે. ત્રીજું, વિચ્છેદના બનાવો બને છે તેમાં બંન્ને પક્ષે ભવિષ્યમાં તકલીફ બેઠવી પડે છે આ માટે સગાઈ થતા પહેલા જ બંન્ને પાત્રો અને પરિવારજનોએ મેચ્યોરીટી કેળવવી જોઈએ અને પથરા ફેંકનારની અવગણના કરી આગળ ચાલવું જોઈએ અને છેલ્લે સગાઈ લગ્ન કરવાની વાત તો એક તરફ આજે જ્ઞાતિના મોટા ભાગના કુટુંબમાં કુંવારાપણું એટલે કે લગ્ન ન કરવાની વૃત્તિ વધી ગઈ છે. સારી નોકરી, દેખાવ સારો વગેરે બધું હોવા છતાં છોકરા-છોકરીઓ લગ્ન નથી કરતા તે મુદ્દો જરા ગંભીરતાથી લેવાની જરૂર છે. વિધૂર કે વિધવા યોગ્ય પાત્ર સામે મળે તો પણ સમાજની બીકે બીજીવાર ઘર નથી માંડતા અને એકલવાયું જીવન જીવી જિંદગી પસાર કરે છે. મયુરભાઈના મુદ્દાઓ સમયસરના અને સાચા છે પણ આપણી બુદ્ધિશાળી અને ડાહી જ્ઞાતિ માંથી કોઈ તેનો અમલ કરે એવું લાગે છે?

- રવિન્દ્ર નાણાવટી, રાજકોટ

---------- મનના મણકા ----------

- તમે હસતા રહો દુનિયા તમારી સાથે હસશે, પરંતુ જો તમે રડતા હશો તો એકલા જ હશો.
- પોતાની પીડા સહન કરી લેવી અને બીજાને પીડા આપવી નહી, એ જ તો તપસ્યા છે.
- પોતાના આદર્શને મેળવવા માટે સેંકડો વખત અસફળતા મળે છતાં આગળ વધવું પડે છે.
- યુવાવસ્થા આવેશમય હોય છે. ક્રોધથી આગ લાગે છે તો કરૂણાથી પાણી આવે છે.
- કાયર અને શંકાશીલ વ્યકિતઓ માટે દરેક કાર્ય અસંભવ છે કારણકે તેઓ આવી જ લાગણી અનુભવે છે.
- ભાગ્ય માત્ર સાહસિકોને જ સાથ આપે છે.
- જે બુધ્ધિમાન છે તેને તમામ પ્રકારના બળ પ્રાપ્ત થાય છે, તે તમામ પ્રતિકુળ પરિસ્થિતિનો મુકાબલો સાહજિકતાથી કરી તેના પર વિજય મેળવે છે.
- જેણે કદી મુશ્કેલીનો સામનો નથી કર્યો તેને કદી દેશનો તાજ પણ નથી મળ્યો.
- વિજય મેળવવો મુશ્કેલ નથી, પણ શરૂઆત કરવી અઘરી છે.
- જે દેશમાં સામાજીક ઉન્નતિ નથી, ત્યાં રાજકીય ઉન્નતિની વાત કરવી હવામહેલ સમાન છે.

- રવિન્દ્ર નાણાવટી, રાજકોટ

TRAVELALLAY

A One Stop Travel Solution

DWIJA VASAVADA
Key Account Executive

Cell No. +91 98258 09333

CONTACT FOR :

HOLIDAY PACKAGES

INTERNATIONAL / DOMESTIC TICKETING

IMMIGRATION

HOTEL BOOKING

AIR TICKET BOOKING

7/8, Galaxy Comm. Centre, Jawahar Road, Rajkot.
Ph. : +91 281 2227411 / 2227611 Tele Fax : +91 281 3049490
E-mail : nishith@travelallay.com
Web : www.travelallay.com

Yummy
PICKLE

- ગોળકેરી
- ખાટી કેરી
- લસણ કેરી
- છુંદો (ખાંડ)
- છુંદો (ગોળ)
- ચણા-મેથી

A Touch Of Gujarat & Unbeatable Taste...!!!

- બાફીયા ગુંદા
- રાઈવાળા ગુંદા
- મુરબ્બો
- પંજાબી (ઓઈલ ફ્રી)
- ગળીયા લીંબુ
- રાઈવાળા ડાળા

બટેટાની પત્રી ઓર્ડરથી બનાવી આપીશું

A PRODUCT OF
ANP ENTERPRISE
2 "MADHAVTIRTH" COMPLEX, OPP. 2 VIMANAGAR RAIYA ROAD, RAJKOT - 360 001
Visit us at www.yummypickles.com

For Any Question, Comments And Compliments Please Contact As Below
9428202811
E-mail : yummyspickle@gmail.com

ABM TRAVELS

Honeymoon tours :
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
Wildlife Tours :
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
Pilgrims :
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
Cruise tours :
STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a
Booking of International destinations :
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
Avinash Mehta, Mumbai # 09820817318
abmtravels@gmail.com

નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫

KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩